# પેસિફિક સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ દ્વારા વાર્ષિક એન.એસ.એસ. કેમ્પનું આયોજન કરવામાં આવ્યું




પેસિફિક સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ દ્વારા દત્તક લીધેલા સાંકી ગામમાં (તા.પલસાણા) ગવર્મેન્ટ ની રાષ્ટ્રીય સેવા યોજના (NSS) હેઠળ ગ્રામ્યજનોની જાગૃતિ અને સુધારણા માટે વિવિધ કાર્યોનું વાર્ષિક કેમ્પમાં આયોજન કરવામાં આવ્યું હતું , જેમાં ૫૦ સ્વ્યંસેવકો જોડાયા હતા. આ કેમ્પ દરમિયાન રક્તદાન જાગૃતિ, સેનેટરી પેડનું વિતરણ, વૃક્ષારોપણ, ઈ-શ્રમ કાર્ડ નોંધણી, વ્યસનમુક્તિ અભિયાન, યોગ - કસરત અને શાળામાં સ્ટેશનરી કીટના વિતરણ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ કેમ્પને સફળ બનાવવામાં પ્રો. વત્સલ પટેલ, દિવ્યાંગ પટેલ, રિતુલ બેલડિયા, તરલ પટેલ, જય હળપતિ, તૃપાંશુ પટેલ અને સર્વે સ્ટાફગણે મહત્ત્વનુ યોગદાન આપ્યું હતું.

આ વાર્ષિક કેમ્પનું આયોજન કરવા બદલ સંસ્થાના મેનેજમેંટ પ્રતિનિધિ નિખિલ અગ્રવાલ તથા આચાર્ય ડો. યોગેશ રોટલીવાલા દ્વારા તમામ સ્વ્યંસેવકોને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.